# સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા

ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ (ગુજરાત)

प्रज्वालितो ज्ञानमयः प्रदीपः
Light the Lamp of Knowledge

: (079) 26747612-36, Fax : (079) 26749048

e-mail : www.spipa@gujarat.gov.in

તાત્કાલિક

ક્રમાંક : પરક્ષ / ૨૦૧૩ /ફેબ્રુઆરી/ના.સે.અ./ પ.પ્ર. તા. ૬ /૦૨ /૧૩

વિષય :- સચિવાલય અને સંલગ્ન કચેરીઓના કારકૂન / ટાઈપીસ્ટોની નાયબ સેકશન અધિકારી ની જગ્યાએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા **તા.૧૨/૦૩/૧૩ થી ૧૪/૦૩/૧૩**

: પરિપત્ર :

સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા,અમદાવાદ ખાતે સચિવાલય અને સંલગ્ન કચેરીઓના કારકૂન / ટાઈપીસ્ટોની નાયબ સેકશન અધિકારીની જગ્યાએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા **તા.૧૨/૦૩/૧૩ થી ૧૪/૦૩/૧૩**નાં રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા કર્મચારીઓનાં નામની યાદી તાત્કાલિક આ સંસ્થાને મોકલી આપવા વિનંતી છે.જેથી બેઠક નંબરની ફાળવણી સમયમર્યાદામાં થઈ શકે. આ સાથે પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ સહ **હાજરી પત્રકનો નમુનો પરિશિષ્ટ-'અ' માં** અને ઓળખપત્રનો નમુનો **પરિશિષ્ટ-' બ 'માં સામેલ છે.**

૧. સરદહુ પરીક્ષામાં બેસવા માટેની અરજી નિયતનમુનામાં સંપૂર્ણવિગતો ભરીને સંબંધિત વિભાગ/ કચેરી મારફત **તા.૨૫/૦૨/૧૩** સુધીમાં સ્પીપાને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. પરીક્ષામાં બેસવા માટેની અરજી પાછી ખેંચવાની **તા.૦૨/૦૩/૧૩** નિયત કરવામાં આવે છે.નિયત સમય મર્યાદા બહાર મળેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.

૨. અરજી પત્રકમાં સંપૂર્ણ વિગતો ભરીને સંબંધિત વિભાગ/કચેરીના મહેકમનો હવાલો ધરાવતા અધિકારીશ્રીએ તે સાચી હોવાનું યોગ્યતાનું પ્રમાણપત્ર અવશ્ય આપેલું હોવું જોઈશે. અનુભવે એવુ જણાયેલ છે કે કેટલાક અરજદારો તેમના અરજી પત્રકમાં અગાઉની પરીક્ષાની તારીખો સાથેની વિગતો, તકની સંખ્યા મળેલ મુકિતની વિગતો સંપૂર્ણ અને સાચી જણાવતા નથી. આ પરિસ્થિતિમાં જે તે ઉમેદવારો દોષિત ઠરે છે અને તે અરજી પત્રક પ્રમાણિત કરનાર અધિકારીની પણ જવાબદારી ઉભી થાય છે. આ સ્થિતિ નિવારવા અરજદારો તેમના અરજીપત્રકમાં સંપૂર્ણ અને સાચી વિગતો ભરે તે જોવા મહેકમ અધિકારીશ્રીને વિનંતી કરવામાં આવે છે.અધુરી અને ખોટી વિગતોવાળી અરજીપત્રકોને કારણે પરીક્ષામાં ઉપસ્થિત ન થવા દેવામાં આવે તો તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત ઉમેદવાર અને સંબંધિત વિભાગના અરજી પ્રમાણિત કરનાર અધિકારીશ્રીની રહેશે.

૩. નિયત તક કરતા વધુ તકથી ઉપસ્થિત થનાર કર્મચારીએ રૂા.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા) ચલણથી જમા કરાવી અસલ ચલણ અરજીપત્રક સાથે સામેલ કરવાનું રહેશે. ચલણ "૦૦૭- બીજી વહીવટી સેવાઓ(અ) બીજી આવક (ક) ભાષા પરીક્ષા અને બીજી ફી" ના સદરે ભરવાનું રહેશે. જે કિસ્સામાં ફી ભરીને પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોના અરજીપત્રક સાથે જરૂરી ફી ભર્યાનું ચલણ સામેલ નહી હોય તો તેવા અરજી પત્રકો દફતરે કરવામાં આવશે. તેની ખાસ નોંધ લેવી.

સ્પીપા દ્વારા લેવાતી દરેક ખાતાકીય પરીક્ષા હેતુલક્ષી પ્રકારની રાખવાનું નકકી થયેલ છે. તદ્અનુસાર પ્રસ્તુત પરીક્ષાના પ્રશ્નપત્રો હેતુલક્ષી પ્રકારના રહેશે.

<u>હેતુલક્ષી પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ:-</u>

(૧) પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૦૦ માર્કનું રહેશે અને પ્રશ્નો ચાર વિકલ્પો સાથેનાં હેતુલક્ષી પ્રકારના રહેશે.

(૨) પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહી OMR શીટમાં જ લખવાના રહેશે.

(૩) જવાબ **Black/Blue** બોલપેનથી ફકત ( • ) કરીને આપવાનો રહેશે.

(૪) ઉત્તરવહી પર નિયત જગ્યાએ તમારો બેઠક નંબર અવશ્ય લખવો.

(૫) ઉત્તરવહીની ઉપર પેપર નંબર તેમજ વિષય અવશ્ય લખવો.

(૬) આ પરીક્ષામાં નેગેટીવ માર્કિંગ ૦.૨૫ % છે.

બિડાણ : ઉપર મુજબ.

(પી.એ.શાહ)
નાયબ મહાનિર્દેશક
સ્પીપા, અમદાવાદ

<u>નકલ રવાના</u> :

- સચિવાલયનાં તમામ વિભાગો. આપના વિભાગના પ્રતિનિયુકિત પર અન્ય કચેરીમાં રહેલા કર્મચારીઓના ધ્યાન ઉપર લાવવા અર્થે.
- ઉપસચિવશ્રી, સચિવાલય તાલીમ કેન્દ્ર, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, બ્લોક નં.૧ જુના સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ર્ડા જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ક,ખ-૧, વસુતાપ્ર-૩ શાખા, સચિવાલય,ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર. ખ-૨, શાખા મંત્રી મંડળના મહેકમ ઉપરના કર્મચારીઓના ધ્યાન ઉપર લાવવા અર્થે.
- મેનેજરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગાંધીનગર તરફ સચિવાલય સંવર્ગના કર્મચારીઓના ધ્યાન ઉપર લાવવા અર્થે.

સીલેકટ ફાઈલ.

# પરિશિષ્ટ – 'અ'

## પરીક્ષાનો કાર્યક્રમ સહ પરીક્ષાર્થીનું હાજરીપત્રક

| ક્રમ | તારીખ | સમય | પ્રશ્નપત્રનો વિષય | જવાબપોથીનો નંબર | ઉમેદવારની સહી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૨/૦૩/૧૩ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | અંગ્રેજી નોંધ અને મુસદ્દા લેખન (અંશતઃ પુસ્તકો સાથે) | | |
| ૨ | ૧૨/૦૩/૧૩ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | નાણાકીય બાબતો (પુસ્તકો સાથે) | | |
| ૩ | ૧૩/૦૩/૧૩ | ૧૦–૦૦ થી ૧૩–૦૦ | કચેરી કાર્યપધ્ધતિ (પુસ્તકો સાથે) | | |
| ૪ | ૧૩/૦૩/૧૩ | ૧૪–૦૦ થી ૧૭–૦૦ | ભારતનું સંવિધાન અને નોકરી ને લગતી બાબતો (પુસ્તકો સાથે) | | |
| ૫ | ૧૪/૦૨/૧૩ | ૧૦–૦૦ થી ૧૨–૦૦ | સામાન્ય જ્ઞાન (પુસ્તકો સાથે) | | |

<u>નોંધ</u> :– (૧) જો કોઈ પ્રશ્નપત્રમાં ઉમેદવાર ગેરહાજર રહે તો નિરીક્ષકે કોલમ–૫ માં ગેરહાજર શબ્દ લખી કોલમ–૬ માં સહી કરવી.

(૨) પરીક્ષાર્થી એક કરતાં વધુ તકથી બેસતો હોય અને અગાઉની પરીક્ષામાં મુકિત મળેલ હોય તો કયા પ્રશ્નપત્રમાં કયારે મુકિત મળી તે અત્રે જણાવવું.

| ક્રમ | મુકિત મળેલ પ્રશ્નપત્ર નંબર | પ્રશ્નપત્ર વિષય | મુકિત કયારે મળી જાહેરનામાની તારીખ અને નંબર |
|---|---|---|---|
| | | | |

# પરિશિષ્ટ–બ

**પરીક્ષામાં બેસનાર ઉમેદવારનું ઓળખપત્ર**

**આ હાજરીપત્રક ઓળખપત્રક જરુરી વિગતો ભરીને પરીક્ષા સમયે અચૂક સાથે લાવવું અને પરીક્ષા ખંડમાં નિરીક્ષકને સોંપવું.**

| | | | |
|---|---|---|---|
| ૧. | પરીક્ષા લેનાર સંસ્થા | : | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ |
| ૨. | પરીક્ષાનું નામ તથા તારીખ | : | **સચિવાલય અને સંલગ્ન કચેરીઓના કારકુન/ટાઈપીસ્ટોની નાયબ સેકશન અધિકારીની જગાએ બઢતી માટેની ખાતાકીય પરીક્ષા**<br>**તા.૧૨/૦૩/૧૩ થી તા. ૧૪/૦૩/૧૩** |
| ૩. | પરીક્ષાનું સ્થળ | : | સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, ઈસરો સામે, ભાવનિર્ઝર નજીક, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૧૫. |
| ૪. | પરીક્ષાર્થીનો બેઠક નંબર | : | |
| ૫. | પરીક્ષાર્થીનું પુરું નામ અને હોદ્દો | : | |
| ૬. | પરીક્ષાર્થીની કચેરીનું નામ / સરનામું – ફોન નંબર | : | |
| ૭. | પરીક્ષાર્થીના ઘરનું સરનામું ફોન નંબર તથા મોબાઈલ નંબર | : | |
| ૮. | પરીક્ષાર્થી અનુસૂચિત જાતિ, જનજાતિ ઉમેદવાર છે કે કેમ ? | : | |
| ૯. | કેટલામી તકથી આ પરીક્ષામાં ઉપસ્થિત થયેલ છે. | : | |
| ૧૦ | મુક્તિ મળેલ હોય તો તેની વિગત | : | |

તમારો તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો અહી ચોટાડીને તે ઉપર તમારી સહી કરવી.

| **ક્રમ** | **મુક્તિ મળેલ પ્રશ્નપત્ર નંબર** | **પ્રશ્નપત્ર વિષય** | **મુક્તિ ક્યારે મળી જાહેરનામાની તારીખ અને નંબર** |
|---|---|---|---|
| | | | |

કચેરીના વડાની સહી / સિક્કો